

॥ ओ३म् ॥

ઈશ્વર અને તેની પૂજા

Reg. No. 169

I … 28 … 1976


[illegible] … ભાષાંતર કરનાર

…રજારામ …સિંહ ઠાકોર

છાપી પ્રસિદ્ધ કરનાર

…લાલ બેચરદાસ સુરતવાલા

…રોડ—સુરત

ओ३म्

ઈશ્વર અને તેની પૂજા



[illegible] કૃતાર્થ થવાનો ફક્ત એકજ ઉપાય છે, અને તે [illegible] ઈશ્વરને જાણીને તેનું સ્મરણ કરી તેની આજ્ઞા [illegible] ચાલવાથી કૃતાર્થ થઈ શકાય છે. પૂજા તો અમે હમેશાં [illegible] કરીએ છીએ, પરંતુ જ્યાં સુધી અમે જાણીએ નહીં [illegible] ત્યાં સુધી તેનું ધ્યાન અને ચિન્તન કેવી [illegible] જાણીએ કે વળી તેની અમારા માટે શું આજ્ઞા છે, તે [illegible] નહીં ત્યાં સુધી અમારી પૂજાનું ફળ નહીં જેવું સમજવું.

માટે મનુષ્ય માત્રનું ખરૂં કર્તવ્ય, એ છે કે વેદ શાસ્ત્રમાં ઈશ્વર સંબંધી જે કાંઇ લખ્યું છે, તે વાંચી વિચારીને, તે પ્રમાણે પરમેશ્વરની ભક્તિ કરે! હરેક મનુષ્ય, પરમાત્માનો સાક્ષાત્કાર કરીને, મુક્તિ મેળવવા માટે આતુર હોય છે, પરંતુ તેના માટે પોતાનું ખરૂ કર્તવ્ય શું છે, તેનું બુદ્ધિપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરનારા, વિરલા હોય છે! સત્યાર્થ પ્રકાશમાં લખ્યું છે.

माधिनिर्धूतमलस्य चेतसो निवेशितस्यात्मनि यत्सुख भवेत ।
न शक्यते वर्णयितुं गिरा तदा स्वयं तदन्तःकरणेन गृह्यते ।।

આ ઉપનિષદ્નું વચન છે

અવિદ્યાદિ મલ નષ્ટ

પોતાના ચિત્તને જેણે સ્થિર કર્યું છે? તે સુખનું વર્ણન વાણીથી થઈ શકતું નથી, કારણ કેમ સુખ ઇંદ્રિઓ ગ્રહણ કરી શકતી નથી, તે અવિનાશી સુખ જીવાત્મા પોતાના અંતઃકરણથી ગ્રહણ કરે છે? ઉપાસનાનો અર્થ સમીપસ્થ થવું થાય છે. અષ્ટાંગ યોગદ્વારા પરમાત્માના સમિપ થવા, અને તેને સર્વવ્યાપિ. સર્વઅંતરયામી રૂપથી. પ્રત્યક્ષ કરવા માટે, જે જે નિયમો પાળવાના હોય તે પાળવા જોઈએ!

तत्राऽहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥
(योगशा. साधनपाद । सू. ३ ॥)

આ સૂત્ર પાતંજલ યોગશાસ્ત્રનું છે, જે લોકો પરમાત્માની ખરી પૂજા અને ઉપાસના કરવા ઇચ્છતા હોય, તેને પ્રથમ આ પાંચયમનું પાલન કરવું જોઈએ કોઈથી વેર રાખવું નહીં, સર્વથી પ્રેમ પૂર્વક વર્તાવ રાખવો, સત્ય બોલવું, ચોરી કરવી નહીં, સત્ય વહેવાર રાખવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, અને અભિમાનનો ત્યાગ કરવો. આ ઉપાસના યોગનું પ્રથમ અંગ છે.

शौचसन्तोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥
योगशा. साधनपादे सू. ३१ ॥

શરીરને અંદર બહારથી પવિત્ર રાખે, લાભ અને હાનિમાં
ે, દુઃખમાં સહનશીળતા રાખવી
ભણે અને ભણાવે, સદ્ગુરુ
કે પરમાત્માના નામનો

અર્થ વિચારીને, નિત્ય શુદ્ધ મનથી જપ કરે, અને પોતાના આત્માને પરમેશ્વરની આજ્ઞાનુસાર સમર્પિત કરે, આ પાંચ પ્રકાર નિયમોનું પાલન કરવાથી ઉપાસના યોગનું બીજું અંગ સધાય છે. વળી બીજા છ અંગો યોગ સાધનના છે તે ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકામાં જોઇ લેવાં.

ઉપાસના માટે શુદ્ધ અને એકાન્ત સ્થાનમાં આસન લગાવી પ્રાણાયામ દ્વારા બાહ્ય વિષયોથી ઇંદ્રિયોને રોકીને, મનને નાભિ પ્રદેશ અગર હૃદય, કંઠ, નેત્ર આદિમાં સ્થિર કરીને પોતાના આત્માને પરમાત્માના ધ્યાનમાં મગ્ન કરવાથી સંયમી થઇ શકાય છે; આત્મા અને અંતઃકરણ પવિત્ર થઇ. જ્ઞાન વિજ્ઞાન અને સત્યથી પરિપૂર્ણ થઇને અંતે મોક્ષનો અધિકાર પ્રાપ્ત કરી શકાય છે ! દિવસ અને રાત્રીના આઠ પહોરમાં ફક્ત એક ઘડી શાન્તિથી જે પરમાત્માની માનસિક ધ્યાનોપાસના રૂપ પૂજા કરે છે, તે આ લોક અને પરલોકમાં સુખી રહે છે !

સર્વજ્ઞ આદિ ગુણોથી પરમાત્માની ઉપાસના કરવી તે સગુણોપાસના કહેવાય છે ! અને રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિથી પૃથક્, સમજીને, અતિ સૂક્ષ્મ આત્માના અંદર બહાર સર્વવ્યાપક પરમાત્મામાં ચિત્તને સ્થિર કરવું, તે નિર્ગુણોપાસના કહેવાય છે ! જે પ્રમાણે ટાઢમાં અકડા ગયેલા પુરૂષને અગ્નિના સમિપ લઇ જવાથી ઠંડીનું દુઃખ નિવૃત થાય છે, તે પ્રમાણે પરમાત્માના સમિપ થવાથી, સર્વ જાતના ક્લેશો દુર થઇ તે મહાન પિતાના ગુણ કર્મ સ્વભાવ પ્રમાણે, જીવાત્માના ગુણ [illegible] પવિત્ર

જાય છે, માટે પરમાત્માની સ્તુતિ પ્રાર્થના અને ઉપાસના [illegible] માત્ર એ નિત્ય પ્રતિ કરવી જોઈએ કે જે મહા પ્રભુએ અનુગ્રહના સુખને માટે આ જગતમા સર્વ પ્રકાશ [illegible] [illegible] પ્રાણી માત્રમા સર્વોત્તમ એવું મનુષ્ય શરીર આપીને [illegible] ઉપર મહાન ઉપકાર કર્યો છે, અને હમારા દરેક કાર્યના [illegible] આંતરિક સહાયતા આપે છે, અને હમોને અનુકુળતા અને સંજોગો મેળવી આપીને, હમારા [illegible] [illegible] પાર પાડે છે, તે પરમાત્માને [illegible] એક ઘડી [illegible] જે મનુષ્ય યાદ કરતો નથી, તે [illegible] ઈશ્વરને [illegible] કાર્યના સારે ગુમાવી બેસે છે

(પ્રશ્ન) ઈશ્વરના નેત્રાદિ ઇન્દ્રિયો [illegible] [illegible] જોઈ સાંભળી કેવી રીતે શકતા હશે?

(ઉત્તર) अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ॥
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥
(श्वेताश्वतर उपनिषद अ० ३ मं० १९)

પરમેશ્વરને હાથ નથી પરન્તુ તે પોતાની શક્તિ દ્વારા આ જગતની સર્વ રચના કરી શકે છે, [illegible] નથી પરન્તુ સર્વવ્યાપક હોવાથી અધિક વેગવાન છે, આંખ નથી છતાં [illegible] શુભાશુભ કર્મો જોઈ શકે છે? અને કાન વગર તે સર્વ જગતના કાર્યો જાણી [illegible] ? તે સનાતન, શ્રેષ્ઠ, અને સંપૂર્ણ હોવાથી,

(પ્રશ્ન) [illegible] ઘણા લોકો નિર્ગુણ અને નિષ્ક્રિય કહે છે

(ઉત્તર) न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।

परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥

(श्वेताश्वतर उपनिषद् अ० ६ मं० ८)

પરમાત્માથી આ જગતનાં કોઈ પણ કાર્ય છૂટું કરી શકતું નથી તેમજ આ સૃષ્ટિ [illegible] ઉત્પન્ન [illegible] ઘણો [illegible] નહીં ? તેમ [illegible] તેથી [illegible] આ બ્રહ્માંડમાં કોઈ [illegible] સર્વોત્તમ [illegible] અનંત જ્ઞાન, અનંત બળ, અનંત ક્રિયા જોઈ શકયા છે, અને તે સ્વાભાવિક તેમાં છે.

ઈશ્વર નિષ્ક્રિય હોત તો જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેનાથી થઈ શકત નહીં, તે વિભુ તથાપિ ચેતન હોવાથી તે અનંત ક્રિયા કરી શકે છે? (પ્રશ્ન) જ્યારે તે ક્રિયા કરે છે તો ક્રિયા અંતવાળી હોય છે કે અનંત, (ઉત્તર) જેટલા દેશકાળમાં જેટલી ક્રિયા કરવી ઉચિત છે તે પ્રમાણમાં તે ક્રિયા કરે છે, એટલે કે જેટલાથી જ્યાં જરૂર જણાય તેટલીજ ત્યાં થાય, કારણ કે તે અનંત જ્ઞાનવાન છે (પ્રશ્ન) પરમેશ્વર પોતાનો અંત જાણે છે કે? (ઉત્તર) પરમાત્મા પૂર્ણ જ્ઞાની છે, તે જ્ઞાન એવું છે કે જેનાથી જેવું હોય તેવું જાણી શકાય જે પદાર્થ જેવા પ્રકારનું હોય તેનું તેને જાણવું તે જ જ્ઞાન કહેવાય છે. પરમાત્મા અનંત

પોતાને અનંત જાણવો તે જ્ઞાન કહેવાય ? તેનાથી વિરૂદ્ધ તે અજ્ઞાન કહેવાય છે ? કારણ અનંતને શાન્ત અને શાન્તને અનંત જાણવું કે સમજવું તે ભ્રમ અથવા અજ્ઞાન કહેવાય છે ?

"यथार्थंदपूनि ज्ञानमिति" જેના જેવા ગુણ કર્મ સ્વભાવ હોય, તેજ પ્રમાણે તેને જાણવું તે જ્ઞાન વિજ્ઞાન કહેવાય તેનાથી ઉલટુ તે અજ્ઞાન !

क्लेश कर्मविपाकाशयैरपरामृष्टः पुरुष विशेष ईश्वरः।
(योगसूत्र समाधि पादेसू २४)

જે અવિદ્યાદિ કલેશોથી રહિત ઇષ્ટ અનિષ્ટ ફળદાયક કર્મોની વાસનાથી પણ રહિત હોય તે સર્વ જીવોથી વિશેષ ઈશ્વર કહેવાય છે ?

(પ્રશ્ન) ઈશ્વર અવતાર લઈ શકે છે કે નહી ? (ઉત્તર) નહીં કેમકે "अज एकपात" "सपर्यगाच्छुक्र,मकायम्" એ યજુર્વેદનું વચન છે, ઇત્યાદિ વચનોથી સિદ્ધ થાય છે. ઇશ્વર જન્મ લેતો નથી !

(પ્રશ્ન) यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ भ. गी. अ. ४,

શ્રી કૃષ્ણજી કહે છે કે જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે, ત્યારે હું શરીર ધારણ કરૂં છું (ઉત્તર) એ વાત વેદ વિરૂદ્ધ

હોવાથી સપ્રમાણ કહી શકાય નહી, પરંતુ એમ માની શકાય
શ્રી કૃષ્ણ ધર્માત્મા અને ધર્મની રક્ષા કરવાવાળા હતા।
તેમને અનુમાનથી, એમ લખ્યું હોય કે હું યુગ યુગમાં જન્મ
લઇને શ્રેષ્ટોની રક્ષા અને દુષ્ટોનો નાશ કરી શકું છું, તો કોઇ
દોષ નથી ? કારણ "परोपकारायसतांविभूतयः" પરોપકારના માટે
સત્પુરૂષોનું તનમન અને ધન હોય છે, તેથી કાંઇ શ્રી કૃષ્ણ
ઇશ્વર નહી થઇ શકે (પ્રશ્ન)જ્યારે એમ છે તો પછી ઇશ્વરના
ચોવીશ અવતાર છે તેનું શું ? (ઉત્તર) તેનું કારણ વેદોનો
અર્થ નહી સમજવાને લીધે, સંપ્રદાયી લોકોના ઉલટા સમજા-
વવાથી, તેમજ પોતે અવિદ્વાન હોવાથી તે લોકોની જાળમાં
ફસાય છે ! કારણ તે લોકો અનેક અવતારોની મૂર્તિઓ દ્વારા
દુકાનદારી ચલાવીને વૈભવો ભોગવે છે (પ્રશ્ન) જો ઇશ્વર અવતાર
નહી લેતો હોય તો, કંસ રાવણાદિનો નાશ કોણ કરતે (ઉત્તર)
પ્રથમ તો જે જન્મ્યું છે, તે જરૂર મરવાનું તો છે, વળી જે
પરમાત્મા શરીર ધારણ કર્યા શિવાય, આ જગતની ઉત્પત્તિ
સ્થિતિ અને પ્રલય કરી શકે છે, તે કાર્યના મુકાબલામાં કંસ
રાવણાદિ એક કીડી સમાન પણ નથી ? વળી તે સર્વવ્યાપક
હોવાથી કંસરાવણાદિના શરીરમાં પણ વ્યાપેલો હોય છે તો,
તે જ્યારે ચાહે ત્યારે તેનો નાશ કરી શકે છે ? આ અનંત
ગુણકર્મસ્વભાવયુક્ત પરમાત્માને એક ક્ષુદ્ર જીવને મારવા માટે
જન્મ મરણ યુક્ત સમજવો તે નરી મૂર્ખતા નહી તો બીજુ
શું ? અગર કોઈ કહે કે ભક્તનો ઉદ્ધાર કરવા માટે અવતાર
ધારણ કરે છે તો, તે પણ સત્ય નથી, કારણ જે ભ —

િ આજ્ઞાનુસાર ચાલે છે, તેમનો ઉધ્ધાર કરવાનું સંપૂર્ણ ... ર્ય તેમના હાથમાંજ હોય છે? શાન્તિ અને સૂક્ષ્મ દ્રષ્ટિથી તે મહા પ્રભુના મહાન કામોનો વિજય કરીએ તો "न भूतो न भविष्यति" ઇશ્વરના બરાબર ન કોઇ થયો છે, ન થશે? યુકિત પ્રયુક્તિથી પણ ઇશ્વરનો અવતાર સિદ્ધ થઇ શકતો નથી? તે પરમાત્મા અનંત હોવાથી તેનુ આવવું અને જવું સિદ્ધ થતું નથી, કારણ જવા આવવાનુ ત્યા થાય કે જ્યાં તે હોય નહી, પરંતુ તેના શિવાય એક અણું પણ ખાલી નથી, સંપૂર્ણ જગતમાં તે વ્યાપ્તમાન છે, સૂક્ષ્મથી સૂક્ષ્મ વસ્તુમાં પણ તેની ક્રિયા શકિત કાર્ય કરતી આપણે જોઈ શકીએ છીએ, તેથી તેના જન્મમરણાદિ માન્ય થઇ શકે નહી?

(પ્રશ્ન) ઇશ્વર પોતાના ભક્તોના પાપ ક્ષમા કરે છે કે નહી? (ઉત્તર) નહી? કારણ કે પાપ ક્ષમા કરે તો તેનો ન્યાય રહી શકે નહી, અને મનુષ્યો મહા પાપી થઇ જાય, કારણ ઇશ્વર પાપની ક્ષમા કરે છે, એમ જાણીને પાપીઓ પાપ કર્મ કરવામાં નિર્ભય થઇને પાપ કરે છે? જેમ રાજા, ચોરાદિ ગુન્હેગારોને તેના અપરાધની ક્ષમા આપે તો. તે લોકો અધિકપાપ. ચોરી આદિ કરશે, માટેજ કર્મનું ફળ યથાવત્ આપવું એજ ઇશ્વરનું કર્તવ્ય છે? (પ્રશ્ન) જીવસ્વતંત્ર છે યા નહી (ઉત્તર) પોતાના કર્તવ્ય કર્મોમાં સ્વતંત્ર અને ઇશ્વરી વ્યવસ્થામાં પરતંત્ર "स्वतंत्रः कर्ता" એ પાણિની વ્યાકરણનું સૂત્ર છે? જે સ્વતંત્ર હોય તેજ કર્તા થઇ શકે છે? (પ્રશ્ન) સ્વતંત્ર કોને કહો છો (ઉત્તર) જેના સ્વાધિનમાં શરીર પ્રાણ, ઇન્દ્રિય, અને અંતઃકરણ આદિ હોય

તે સ્વતંત્ર કહેવાય છે ? કે પરતંત્ર હોય તે પાપ પુણ્ય ભોક્તા થઈ શકતો નથી, જેવી રીતે સૈન્ય સેનાપતિની આજ્ઞાથી શત્રુ સૈન્યની હિંસા કરે છે, છતાં તે અપરાધિ થઇ શકતા નથી તેમને તો ફક્ત હુકમનો અમલ કરવો તેજ કામ હોય છે, ? તેજ પ્રમાણે ઈશ્વરની પ્રેરણા અને સ્વાધિનતાથી જે કામ થાય તેમ જીવને પાપ પુણ્ય લાગતું નથી, જેમ કોઈ મનુષ્યે તલવારથી બીજાને મારી નાખ્યો એટલે મારવાવાલાને ખુન થાય છે, નહી કે તલવારને ? માટેજ પોતાના સામર્થ્યાનુકુલ કર્મ કરવાને જીવ સ્વતંત્ર છે પરંતુ તેના ફળ ભોગવવા માટે સ્વતંત્ર નથી ? પરંતુ તો ઈશ્વરી નિયમાનુકુલ પરાધિન થઈને. દુઃખ ક્લેશ રોગાદિની ઈચ્છા નહી છતાં, પરતંત્ર થઈને ભોગવવું પડે છે ? (પ્રશ્ન) અગર ઈશ્વર જીવને ઉત્પન્ન નહી કરતે તો જીવ કંઇ પણ કર્મ કરતે નહી કારણ તેમનેજ ઉત્પન્ન કરીને પ્રેરણા કરવાથી તે કર્મો કરે છે. (ઉત્તર) જીવ અનાદિ છે, તેને ઈશ્વરે પેદા કર્યો નથી ? જેમ જગતનું ઉપાદાન કારણ નિમિત્ત છે, તેજ પ્રમાણે જીવના શરીર અને ઈંદ્રિયો ઈશ્વરે તેની કર્માનુસાર બનાવ્યા છે, અને જીવને સ્વાધિન કર્યો છે, તેથી જે જેવા મન વચન અને કર્મથી કર્મો કરશે તેવા ફળોનો ભોક્તા થશે ? ઈશ્વર પવિત્ર હોવાથી તે જીવને પાપ કરવાની પ્રેરણા કરતો નથી, પરંતુ જીવ વિષય સુખની લાલસાથી સ્વતંત્ર રીતે કરે છે. (પ્રશ્ન) જીવ અને ઈશ્વરના સ્વરૂપ અને ગુણકર્મ સ્વભાવ ક્યાં ? (ઉત્તર) બન્ને ચૈતન સ્વરૂપ છે, સ્વભાવ પવિત્ર અને અવિનાશી બન્નેના છે, [illegible] ધર્મમાં [illegible] પરંત પરમેશ્વરના સૃષ્ટિની ઉત્પત્તિ.

તેમ આ બ્રહ્માંડને નિયમમાં રાખવાં, અને જીવોને દિના ફળો આપવા એવા ધર્મ યુકત કર્મ છે ! અને જીવના સંતાનોત્પત્તિ, તેનું પાલન, શિલ્પ વિદ્યાદિ સારા નર સાકર્મો છે ! ઈશ્વરના નિત્યજ્ઞાન, આનંદ, અનંત, બળ આદિ ગુણ છે, અરે જીવનાં, इच्छा द्वेष प्रयत्न सुख दुःख ज्ञानान्यात्मनो लिंगमिति (न्याय दर्शन अ १ सू १)

प्राणापाननिमेषोन्मेषमनोगतिन्द्रियान्तरविकाराः
सुखदुःखेच्छाद्वेषौ प्रयत्नाश्चात्मनो लिङ्गानि ॥
(वैशेषिक द० अ० ३। आ० २ सू० ॥)

(ઇચ્છા) પદાર્થ પ્રાપ્તિની અભિલાષા (દ્વેષ) દુઃખ ક્લેશાદિની અનિચ્છા (પ્રયત્ન) પુરૂષાર્થ, બળ (સુખ) આનંદ (દુઃખ) ક્લેશ (જ્ઞાન) જેવાને તેવું વિવેકથી જાણવું તે ! વૈશેષિકમાં (પ્રાણ) શ્વાસ બહારથી અંદર લેવો તે ! (અપાન) અંદરથી બહાર કાઢવો તે ! (નિમેષ) આંખને બંધ કરવી (ઉન્મેષ) આંખને ઉઘાડવી (મન) નિશ્ચય, સ્મરણ અને અહંકાર કરવો તે (ગતિ) ચાલવું (ઈંદ્રિય) જ્ઞાન, અને કર્મ કરનારા અવયવ (અંતરવિકાર) ક્ષુધા, તૃષા, શોકાદિ, જીવાત્માના ગુણ, પરમાત્માથી ભિન્ન છે, માટે એનાથી આત્માની તીતિ કરવી, કેમકે આત્માસ્થૂલ નથી, જ્યાં સુધી આત્મા દેહમાં રાય છે, ત્યાંસુધી, એ ગુણો પ્રકાશિત રહે છે, જ્યારે શરીરનો ાગ કરે છે, ત્યારે શરીરમાં એ ગુણ રહેતાં નથી, કારણ જેના થી રહેતા હોય, તેના નહી રહેવાથી નહીરહે, તે ગુણને

જીવાત્માનો છે, જેમ દીપક, અને સૂર્યાદિના ન રહેવાથી, પ્રકાશાદિનું ન રહેવું. તેજ પ્રમાણે પરમાત્મા અને જીવાત્માનું વિજ્ઞાન, તેમના જાણવાથી પ્રાપ્ત થાય છે. (પ્રશ્ન) પરમેશ્વર સગુણ છે કે નિર્ગુણ (ઉત્તર) બન્ને પ્રકારનો છે, (પ્રશ્ન) એક મ્યાનમાં બે તલવાર કેમ રહી શકે ? (ઉત્તર) જેમ જડમાં રૂપાદિગુણ હોય છે, તેમ ચેતનના જ્ઞાનાદિગુણ જડમાં હોતા નથી. ? તેમ ચેતનમાં ઇચ્છાદિગુણ હોય છે પણ રૂપાદિજડના ગુણ નથી હોતાં ? “यद्गुणैःसह वर्तमानं तत्सगुणम्” “गुणेभ्यो यन्निर्गत पृथग्भूतं तन्निर्गुणम्” જે ગુણો સહિત હોય તે સગુણ અને જે ગુણોથી રહિત હોય તે નિર્ગુણ કહેવાય છે ? પોતપોતાના સ્વાભાવિક ગુણો સહિત. અને બીજા વિરોધી ગુણો રહિત હોવાથી સર્વ પદાર્થ સગુણ અને નિર્ગુણ કહેવાય છે ? કોઇપણ પદાર્થ એવો નથી કે તે ફક્ત નિર્ગુણ યા સગુણ હોય, દરેક પદાર્થમાં બન્ને ગુણો હોય છે ? તે પ્રમાણે પરમાત્મા પોતાના અનંત જ્ઞાન, બળ આદિગુણોથી સગુણ અને રૂપાદિ જડના અને દ્વેષાદિ જીવના ગુણોથી પૃથક હોવાથી નિર્ગુણ કહેવાય છે ? (પ્રશ્ન) સંસારમાંતો નિરાકારને નિર્ગુણ અને સાકારને સગુણ કહે છે, અર્થાત ઈશ્વર અવતાર લેતો નથી તે અરસામાં તે નિર્ગુણ અને જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે સગુણ કહેવાય છે, (ઉત્તર) એકલ્પના કેવળ અજ્ઞાની અને અવિદ્વાનોની છે, કારણ તેમને જ્ઞાન હોતું નથી, મરજી મુજબ ગોઠવી શકે છે, તેનો વિશ્વાસ રાખવો નહી (પ્રશ્ન) પરમાત્મા રાગ હોય છે કે વિરક્ત હોય છે (ઉત્તર) બન્ને

રાગ પોતાનાથી ભિન્ન ઉત્તમ પદાર્થો માટે થાય છે, તો, પરમે-શ્વરથી કોઇ પદાર્થ પૃથક વા ઉત્તમ નથી માટે રાગ રહિ શકતો નથી ? વળી જે પ્રાપ્ત વસ્તુને ત્યાગી દેય છે તે વિરક્ત કહેવાય છે પરંતુ ઇશ્વર સર્વવ્યાપક હોવાથી કોઇ-પણ પદાર્થને છોડી શકતો નથી. માટે વિરક્ત પણ નથી ! (પ્રશ્ન) ઇશ્વરમાં ઇચ્છા છે વા નહીં ? (ઉત્તર) ઇચ્છા તેની પ્રાપ્તિથી સુખ મળતુ હોય તેની થાય છે. તો ઇશ્વર આનંદ સ્વરૂપ છે તેને કોઇ સુખની ઇચ્છા નથી હોતી પરંતુ ઇક્ષણ અર્થાત સર્વ પ્રકારની વિદ્યાના દર્શન અને સૃષ્ટિના કર્તા કહેવાય છે ! શાન્તિ શાન્તિ શાન્તિ.

(સત્યાર્થ પ્રકાશ સમુલ્લાસ,૭)



મીલ, જીન સ્ટોરના વેપારીને

ખુશ ખબર

અમારે ત્યાં જીનીંગસ્ટોર-લેધર બેલ્ટીંગ ક્રોમ-લેધર, નડિયાદી, ભરૂચી સુરતી વગેરે નીમકના ચામડા વાઈસર, તેમજ કોપ્લીટ રોલર, કાનપુરી લેધર લેશ, ક્રોમ લેધર બેલ્ટીંગ, મીલ માટે રોલર સ્કીન, પીકીંગ બેન્ડસ, ઘોડાગાડી માટે હુડક્લાસ વગેરે કીફાયત ભાવથી તૈયાર મળશે.

અમારા પ્રખ્યાત અને સરટીફીકેટ અને મેડલ મેળવેલ (કમલ બ્રાન્ડ અને બુલડોગ બ્રાન્ડ) લેધર બેલ્ટીંગ ઉપરાંત કોઈપણ જાતના બેલ્ટીંગની હરીફાઈ કરી શકે છે. આજેજ ઓર્ડર આપી ખાત્રી કરો. વધુ ખુલાસા માટે લખો.

વધારામાં નીચે જણાવેલાં પુસ્તકો અડધા આનાની કિમતે અત્રેથી મળશે.

હિંદુ જાતિની રક્ષાના ઉપાય;
ઈશ્વર અને તેની પૂજા.

ટેલીગ્રામ-"બેલ્ટીંગ સુરત."

સી. બી. સુરતવાળા સ્ટેશનરોડ



સુરત લીમડાચોકમાં આવેલા **નવયુગ મુદ્રણાલયમાં** બાબુલાલ ઝવેરભાઈ પટેલે છોટાલાલ બેચરદાસ સુરતવાળા માટે છાપ્યું.

